સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષના અંદાજપત્રમાંથી ડીસેમ્બર-૨૦૧૫ થી જાન્યુઆરી-૨૦૧૬ સુધીની આયોજન હેઠળની (કેન્દ્રીય પુરસ્કૃત યોજના) ગ્રાન્ટ ફાળવવા બાબત......
માંગણી ક્રમાંક: ૯૫ (અનુસુચિત જાતિ પેટા યોજના) (આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૫/૨૨૩/ખ-3
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૨૫-૧-૨૦૧૬

વંચાણે લીધા –

(૧) ભારત સરકારનો તા.૫/૬/૨૦૧૪નો પત્ર નં : W-11020/7/2014/NRDWP/WATER/11

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા. ૨૩-૧૨-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: (૧૫૬) એસ.સી.પી./૧૦૨૦૧૫/૧૫-૧૬/એફ.ડી./ઓથો. સીએસએસ/ડીપાર્ટ/બી.

યાદી : -

આમુખમાં દર્શાવેલા વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ભારત સરકારના તા.૫/૬/૨૦૧૪ ના ઠરાવથી રૂા.૨૨૩.૦૭ લાખ (અંકે રૂપિયા બે કરોડ ત્રેવીસ લાખ સાત હજાર પુરા) ની ગ્રાન્ટ રીલીઝ થયેલ સદર ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા શરતચૂકથી વર્ષ ૨૦૧૪-૧૫માં કર્ણાટક રાજ્યને આપવામાં આવેલ હતી. કર્ણાટક રાજ્ય પાસેથી પરત લઇ ગુજરાત રાજ્યને ફાળવવામાં આવેલ છે જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) ઠરાવ થી સને ૨૦૧૫-૧૬ ના વર્ષના અંદાજપત્રની જોગવાઈ માંથી કેન્દ્રીય પુરસ્કૃત યોજના માહે: ડીસેમ્બર - ૨૦૧૫ થી જાન્યુઆરી – ૨૦૧૬ માટે સુધીની પાણી પુરવઠા પ્રભાગને રૂા.૨૨૩.૦૭ લાખ ફાળવેલ છે . સદર ફાળવેલ ગ્રાન્ટ માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર – ૪૨૧૫ માં આયોજન હેઠળ રૂ.૨૨૩.૦૭ (અંકે અંકે રૂપિયા બે કરોડ ત્રેવીસ લાખ સાત હજાર પુરા) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવણી કરવામાં ગ્રાન્ટને ખાસ ફરજ પરના અધિકારીશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

( રૂપિયા લાખમાં (

| અનું. | વિગતવાર સદર | ડીસેમ્બર-૨૦૧૫ થી જાન્યુઆરી-૨૦૧૬ સુધી આયોજન હેઠળ (કેન્દ્રીય પુરસ્કૃત યોજના) | રકમ શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક (આયોજન હેઠળ) ૯૫ - | | |
| ૧ | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ<br>પેટા સદર - ૦૧ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના – રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ ક્ષેત્ર<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ – ૪૨૧૫ ૦૧ ૧૦૨ ૦૧<br>સ્કીમ કોડ - ૩૩૨૭૫૩ | ૨૨૩.૦૭ | અંકે રૂપિયા બે કરોડ ત્રેવીસ લાખ સાત હજાર પુરા |
| | સરવાળો - ૪૨૧૫ | ૨૨૩.૦૭ | |

શરતો :-

1. સને ૨૦૧૫-૧૬ નાં વર્ષમાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
3. સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
4. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપસચિવશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
5. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.

6. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
7. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૧૨-૨૦૧૫ ના અને ભારત સરકાર તા.૫/૬/૨૦૧૪ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.જી.ચાવડા)
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,
(૧) ખાસ ફરજ પરના અધિકારીશ્રી નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૩) નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૪) મુખ્ય ઈજનેરશ્રી,(પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના પ્રતિ,</u>
(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
(૨) ઉપસચિવ (બજેટ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૪) ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
(૫) ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(સમાજ કલ્યાણ) સચિવાલય, ગાંધીનગર
(૬) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.( બીલ દીઠ – ૨ કોપી)
(૭) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારું
(૮) સેક્શન અધિકારીશ્રી (સીલેકટ ફાઇલ ) .
(૮) નાયબ સેક્શન અધિકારી.
(૯) પસંદગી ફાઈલ.